કેસ દાખલ તારીખઃ 13/12/2015
ફેસલ કર્યા તારીખઃ 24/10/2024
સમય ગાળોઃવર્ષ..... માસ..... દિવસ...

અમદાવાદના મહે.એડી.ચીફ.૨૨ માં જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ.મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ 1201518/2015
આંકઃ

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓ :–

**1) HEENABEN DIPAKBHAI PATEL**
**2) KIRAN KISHANBHAI PATEL**
Address - B36, GAJENDRA PARK, AJAY TERNAMENT, VIBHAG-1, VASTRAL , NEAR CANAL, RAMOL,AHMEDABAD

---

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી કુ. પી. ડી. પંડ્યા
આરોપી તરફે વિ.વ.શ્રી ડી.વી.પટેલ

---

ગુનોઃ ઈ.પી.કો.કલમઃ 294(B),506(2),114 મુજબ.

---

– ચુ કા દો –

---

**(૧)** આ કામે ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૭/૧૦/૧૧ ના કલાક ૧૫/૩૦ વાગે ફરીયાદી સાથે અગાઉના ઝગડાની અદાવત રાખી ફરીયાદીને તથા તેની દિકરી દિવ્યાને બિભત્સ ગંદી ગાળો બોલેલ તેમજ ફરીયાદીની દિકરીને ધમકી આપી એક બીજાની મદદગારી કરી **ઈ.પી.કો.કલમઃ 294(B),506(2),114 મુજબનો** ગુનો રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.3551/2011 થી નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૨. આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતા, આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭

અન્વયે પુરી પાડવામા આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવી, આરોપીઓની ગુના સબબે પ્લી આંકઃ 02 થી દ્વારા નોંધવામાં આવતા ગુનો કબુલ નહી હોવાનુ જણાવેલ છે જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **(એ) મૌખિક પુરાવાઓ.** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૦૧ | ફરીયાદી કંચનબેન ગોરધનભાઈ પટેલ ની સોગંદ પરની જુબાની | 04 |

| **(બી) દસ્તાવેજી પુરાવાઓ.** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૦૧ | ફરીયાદ | 05 |
| ૦૨ | કલોજીંગ પુરસીસ | 06 |

આ સિવાય ફરીયાદપક્ષે લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

**(૪)** આ કામે બંને પક્ષકારોના વકીલશ્રીઓને મૌખિક રીતે સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે પુરાવાના અંતે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

**(૫)** આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૭/૧૦/૧૧ ના કલાક ૧૫/૩૦ વાગે ફરીયાદી સાથે અગાઉના ઝગડાની અદાવત રાખી ફરીયાદીને તથા તેની દિકરી દિવ્યાને બિભત્સ ગંદી ગાળો બોલેલ તેમજ ફરીયાદીની દિકરીને ધમકી આપી એક બીજાની મદદગારી કરી **ઈ.પી.કો.કલમઃ 294(B),506 (2) ,114 મુજબનો** ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## કારણો

(૭) આ કામે ઉપરના નિર્ણયો પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છેઃ

આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, આરોપીઓએ બનાવ વખતે બનાવના સમયે આક્ષેપિત ગુનાઓ માટે શું રોલ ભજવ્યો છે ? તે માટે આંક–૦૪ થી ખુદ ભોગ બનનાર ફરીયાદી કંચનબેન ગોરધનભાઈ પટેલ નાઓનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો વંચાણે લેતાં, તેમાં તેઓ જણાવે છે કે, " બનાવ ૧૩ એક વર્ષ પહેલા બપોરના સમયે તેઓના ઘર પાસે બનેલ આરોપીઓ સાથે ધંધાકીય બાબતે બોલાચાલી થયેલ અને તેઓને સામસામે ફરીયાદો થયેલી.તેઓને બનાવની ફરીયાદી આપેલી ફરીયાદીની ખરી નકલ બતાવતા જેમા તેઓની સહી છે રજુ દાખલ આંક–૦૫ આપવામાં આવેલ છે. "

ફરીયાદીની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ તેઓ જણાવે છે કે, " એ વાત ખરી છે કે આરોપીઓએ ભેગા મળી તેઓને કોઈ ગાળો બોલેલ નહી કે માર મારેલ નહી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નહી. "

(૮) કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો તેમજ ભારતિય પુરાવા અધિનિયમ , ૧૮૭૨ ની કલમ – ૧૦૧ તેમજ કલમ – ૧૦૨ ની જોગવાઈ મુજબ ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધના આક્ષેપો નિઃશંકપણે પૂરવાર કરવા જરૂરી છે અને ફરિયાદપક્ષ જયાં સુધી પુરાવાથી આરોપી વિરૂદ્ધના આક્ષેપો પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાની રહે છે. વધુમાં, આરોપી વિરૂદ્ધના આક્ષેપોની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફોજદારી કેસોમાં પુરાવાનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું રહે છે. દરેક કેસ તે કેસની હકિકતો, પુરાવો, સંજોગો તેમજ ગુણદોષ ઉપર આધારિત હોય છે. કોઈપણ હકિકતની સાબિતી માટે ચોક્કસ સંખ્યામાં સાહેદોનો પુરાવો રજુ થવો જરૂરી નથી. એકમાત્ર વ્યકિત જો વિશ્વસનિય પુરાવો રજુ કરે અને તે પુરાવો વિશ્વાસ પેદા કરતો હોય અને તે પુરાવાનું વ્યાજબી રીતે ખંડન થયેલ ન હોય ત્યારે તે પુરાવા ઉપર વિશ્વાસ રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય

છે. હકિકતે પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે પુરાવાનો જથ્થો. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ તહોમત શંકારહિત, સચોટ અને માનવાલાયક પુરાવાથી સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. શક્યતા કે અટકળો આધારીત ઉભી કરાયેલ શંકાને વ્યાજબી શંકા કહી શકાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષના પુરાવાના આધારે જયારે બે મંતવ્યો પ્રતિપાદિત થતા હોય ત્યારે આરોપીની તરફેણનું મંતવ્ય માનવું જોઈએ. ફોજદારી કેસોમાં ગુણદોષ ઉપરના નિર્ણય સમયે ન્યાયાધિશે સત્ય શોધવાનું કાર્ય કરવાનું હોય છે. કોઈ નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે તેની સાથે સાથે દોષિત વ્યકિત ગુન્હામાંથી છટકી ન જાય તે પણ જોવાનું રહે છે. નાની વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાના છે અને મહત્વનો અને વિશ્વસનિય પુરાવો નજર સમક્ષ રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવે તે સ્વાભાવિક છે પરંતુ જો આવી વિસંગતતાઓ કે વિરોધાભાસો ફરિયાદપક્ષના કેસને મુળમાંથી અસર ન કરતા હોય તો તેની અવગણના કરવાની રહે છે કારણ કે કોઈપણ વ્યકિત કે જે અદાલત સમક્ષ સાહેદ તરીકે પુરાવો રજુ કરવા આવે છે તે દરેકની વર્તણૂંક, સ્મરણશકિત, વિચારવાની કે અવલોકન કરવાની શકિત જુદી જુદી હોય છે અને દરેકને એકસરખી ચોક્કસ યાદદાસ્ત હોય અનેતેઓ ટેપરેકોર્ડરની માફક અક્ષરશઃ પુરાવો રજુ કરે તે જરૂરી નથી. ઉપરોકત સિદ્ધાંતો નજર સમક્ષ રાખી હાલના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું અર્થઘટન કરવામાં આવેલ છે.

(૯) ઉપરોક્ત તમામ હકીકત અને સંજોગો તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. પ્રસ્તુત કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ખુદ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ આંક–05 વાળી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં, ફરિયાદપક્ષે આ કામે ક્લોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય સદરહું કામે રજુ

કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીઓને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છું.

**<u>હુકમ</u>**

આ કામે આરોપીઓ :- **1) HEENABEN DIPAKBHAI PATEL 2) KIRAN KISHANBHAI PATEL** Address - B36, GAJENDRA PARK, AJAY TERNAMENT, VIBHAG-1, VASTRAL , NEAR CANAL, RAMOL,AHMEDABAD, નાઓને તેમની સામેના **<u>ઈ.પી.કો.કલમઃ 294(B),506(2),114 મુજબનો</u>** ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા. 24/10/2024.

(વી. આર. ચૌધરી)
૨૨માં એડી.ચીફ.જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૧૫.